કેસ રજુ તા.૦૨–૦૫–૨૩
દાખલ તા.૦૨–૦૫–૨૩
ફેંસલ તા.૧૩–૦૫–૨૩
અવધિઃ– વર્ષ માસ દિવસ

**ગઢડાના મે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. ગઢડા, જી. બોટાદ.**

ફોજદારી કેસ નં. ૧૪૫૬/૨૩
આંક –

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** રાજુભાલ ગુણવંતરાય મકવાણા
ઉ.વ.૩૮, ધંધો.મજુરી
રહે.ગઢડા, તા.ગઢડા, જી.બોટાદ

---

**–: ચુકાદો :–**

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આરોપીએ ચાર્જશીટ મા જણાવેલ સ્થળ, સચમ અને તારીખે છુપાતો બંધ દુકાનોમાં તાળા ફંફોસતો કોઇ મિલકત વિરૂધ્ધનો ગુનો કરવાના ઈરાદે શકમંદ હાલતમાં મળી આવી, ગુનો કરી, જે તપાસ દરમ્યાન પડેલ પુરાવાઓના આધારે પુરવાર થતાં આરોપી વિરૂધ્ધ જી.પી.એક્ટની કલમ–૧૨૨(સી) મુજબની ફરીયાદ ગઢડા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૪૨૩૦૨૭૧/૨૩ થી તે જ દિવસે નોંધેલી.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઇ, આરોપી સામે સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઇ ગયેલ છે. જે અન્વયે આરોપી હાજર થતાં તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી. આરોપીએ સદરહુ ગુનાની કબુલાત પુરસીસ આપેલી છે. જે આ કામે આંક–૦૨ થી રજુ રાખેલ છે.

આરોપીએ સદરહુ ગુનાની કબુલાત પુરસીસ આપતાં, તેઓને સદરહુ ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઇ અંગે સમજ આપવામાં આવેલ છે. આરોપીને ગુનાની કબુલાત બાબતે પુછતાં તેઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે. તેમજ તેઓએ પોતાની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ અને કુટુંબ કબીલાવાળા વ્યક્તિ છે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને ફરી આવા પ્રકારનો કોઇ ગુનો ન કરવાની ખાત્રી આપે છે. જેથી ઓછામાંઓછી સજા અંગેનો હુકમ કરવા વિનંતી કરેલ છે. ત્યારબાદ આ કામે આરોપીની આંક–૦૪ થી પ્લી નોંધતા તેઓએ તેમાં તેમની વિરૂધ્ધનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

**૩.)** આ કામે રજુ કરેલ રેકર્ડ તથા આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, આરોપીના જણાવ્યા મુજબ તેઓનો આ પ્રથમ ગુનો છે. કુટુંબની સમગ્ર જવાબદારી તેમના ઉપર રહેલી છે અને ભવિષ્યમાં આવો કોઇ ગુનો નહી કરવાની તેઓ ખાત્રી આપે છે. આરોપી તેમની સામેના ગુનાનો પસ્તાવો જાહેર કરે છે. આરોપીની કબુલાત તેઓની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આપવા છતાં રાજી–ખુશીથી અને સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોય તેઓની સદર કબુલાત સ્વીકારવામાં આવે છે. વધુમાં, આરોપીની સ્થિતિને ધ્યાને લેતાં, તેમજ ગુનાનો પ્રકાર, સજાની જોગવાઇ અને નામદાર ગુજરાત વડીઅદાલતના **ગુજરાત રાજ્ય વિ. નટવરલાલ હરચંદજી ઠાકોર [૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯]** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં, કેદની સજા કરવાથી આરોપીના કુટુંબને વધુ સહન કરવાનું થતુ હોય છે. જેથી ઉપરોક્ત તમામ સંજોગોને ધ્યાને રાખી, આરોપીની કબુલાત પુરસીસ ગ્રાહ્ય રાખી, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

सत्यमेव जयते

**–: હુકમ :–**

આ કામના આરોપી રાજુભાલ ગુણવંતરાય મકવાણા, ને ગઢડા

પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૪૨૩૦૨૭૧/૨૩ ના કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી જી.પી.એક્ટની કલમ–૧૨૨(સી) મુજબના શિક્ષાપાત્ર ગુનાના ભંગ બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૩ મી માહે મે, સને–૨૦૨૩ ના રોજ લોકઅદાલતના દિવસે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૩–૦૫–૨૦૨૩.
મુ. ગઢડા.

(રાહુલ લલીતભાઇ ત્રિવેદી)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
તા. ગઢડા, જી. બોટાદ. (જી.જે. ૦૦૫૬૨)

સત્યમેવ જયતે